# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૯/૦૨/૨૦૧૫ થી તા.૧૫/૦૨/૨૦૧૫

## - પ્રેસ નોટ -

### ઘરફોડ ચોરી તથા પશુઓની ચોરીના ગુન્હા આચરતી દેવી પૂજક ગેગના બે સાગરીતો ને જબ્બે કરતી એલ.સી.બી. અમદાવાદ ગ્રામ્ય

ગઇ તા .૨૦/૧૧/૧૪ ની રાત્રી ના વટામણ તારાપુર હાઇવે વટામણ ગામની સીમ, રામપુરા ગામના પાટીયા નજીક ,પાયલ પેટ્રોલ પંપની તીજોરીના લોકર તોડી રૂ. ૨,૨૦,૦૦૦/- રોકડ રકમની ઘરફોડ ચોરી સંબધે કોઠ પો.સ્ટે. માં ગુન્હો રજી થયેલ જે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ વડાશ્રી નિર્લિપ્તરાય સાહબેશ્રી ના ઓએ એલ.સી.બી.ના પોલીસ સબ ઇન્સ્પેક્ટર, શ્રી એ.વાય. બલોચ ના ઓને સુચના કરેલ, પો.સ.ઇ. શ્રી એલ.સી.બી અને એલ.સી.બી., સ્ટાફના માણસોએ ગુન્હાવાળી જગ્યાની વીજીટ તથા ગુન્હાની પધ્ધતિના અભ્યાસ આધારે સ્થાનિક દેવી પૂજક ઇસમોની સંડોવણીના અનુમાન આધારે ચોક્કસ દિશામાં ધ્યાન કેન્દ્રિત કરી માહિતિ એકત્રિત કરી ગુન્હો શોધવા ચક્રો ગતિમાન કરેલ તેના ફળ સ્વરૂપે ચોકકસ બાતમી આધારે બાવળા ઢેઢાલ ચોકડી ખાતે વોચ ગોઠવી ભારે જહેમત થી બે ઇસમોને એલ.સી.બી ટીમે ઝડપી પાડેલ

### સગા ભાઇઓ તથા જમાઇ સાથે મળી ઘરફોડ ચોરી/ પશુઓ ની ચોરી ના ગુન્હા આચરતા ખૂંખાર અને રીઢા ગુન્હેગારો કાકા-સસરા અને જમાઇ ઝડપાયા

(૧) ટીનાભાઇ બચુભાઇ જાતે ચુનારા ઉ.વ ૨૪ રહે હાલ રાજકોટ રૈયા ગામ દિપાભાઇ ના મકાનમાં મુળ રહે ગાગંડ, ખાખરાના પરા તા બાવળા જી.અમદાવાદ

(૨) જુગેશ ઉર્ફે ટીનો ધીરૂભાઇ જાતે ચુનારા ઉ.વ ૨૦ રહે નવાવણઝર તા દશક્રોઇ જી અમદાવાદ

નાઓની પ્રાથમિક પૂછપરછ કરતા ઉકત ગુન્હાની કબૂલાત કરેલ જેથી તેઓની અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ કરતા પોતાના અન્ય સહ આરોપીઓ સાથે મળી બાવળા બગોદરા વિસતારમાં રાત્રીના સમયે પશુઓની ચોરીઓ કરેલાની કેફીયત આપેલ

### પશુ ચોરીના પાંચ ગુન્હામાં છ પશુ તથા અગીયાર પશુ બચ્ચા ચોરી નો ભેદ ઉકેલાયો

આરોપીઓ ની ઘનીષ્ઠ પુછપરછ માં અન્ય સાગરીતો સાથે મળી બાવળા પો.સ્ટે હદના રાશમ ગામે થી સાત વાછરડા તથા કાવીઠા ગામેથી ચારેક પાડાના બચ્ચાની ચોરી કોઠ પો.સ્ટેના ટપલપુરા ગામેથી બે ભેસોની ચોરી, બગોદરા પો.સ્ટેના મીઠાપુર ગામેથી બે ભેસોની તથા મેમર ગામે પાટીયે થી બે

ભેસોની ચોરી મળી કુલ- ૫ બનાવમાં છ ભેસો તથા અગીયાર બચ્ચાની ચોરી ના ગુન્હા તથા ધોળકા પાસેના રશીકપુરા રોડપરના ખેતર માથી ઘઉની ચોરી કરેલ તે પૈકી બાવળા પો.સ્ટે ખાતે બે ગુન્હા નોધાયેલાની હકિકત હાલ સુધિ જાણવા મળેલ છે.

## આરોપીઓ ની ગુન્હો કરવાની પધ્ધતિ

આરોપીઓ સગા ભાઇઓ છે અને દિવસના પશુ (ભેસ) ખરીદવાના બહાના હેઠળ રેકી કરી એકાંત અને છેવાડા ની જગ્યા ને સોફ્ટ ટાર્ગેટ બનાવી રાત્રીના સમયે બનાવને અંજામ આપી લોડીગ વાહનમાં પશુઓ ઉઠાવી જઇ ગુન્હા આચરતા હતા

અત્રે નોધનિય છે કે મૂખ્ય સૂત્રધાર રાજુભાઇ બચુભાઇ દેવી પૂજક ઘરફોડ ચોરીના ઘણા ગુન્હામાં સંડોવાયેલ હોઇ તેને પકડવા માટે ગયેલ સ્થાનિક પોલીસ ઉપર હુમલો કરેલ તે ગુન્હામાં બગોદરા પકડાયેલ છે. આમ, આરોપીઓ હુમલો કરતા પણ અચકાતા નહિ.



ટીનાભાઇ બચુભાઇ ચુનારા



જુગેશ ઉર્ફે ટીનો ધીરૂભાઇ ચુનારા

## પ્રેસનોટ

### ભાર વાહક વાહન ની ડિઝલ ટાંકી માંથી ડિઝલ ની ચોરી કરી તરખાટ મચાવનાર ડિઝલ ચોરીના ગુન્હા આચરતિ ગેગનો પદાફાર્સ કરી બે સાગરીતો ને ઝડપી પાડતી અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી,

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરી માર્ગ ના ભાર વાહક વાહનના ચાલકો રાત્રીના સમયે પોતાનુ વાહન પાર્ક કરી આરામ ફરમાવતા હોય તેવા વાહનો ને ટાર્ગેટ બનાવી વાહન ની ડિઝલ ટાંકીમાંથી ડિઝલ ની ચોરી ના બનાવો ની રાવ છેલ્લા ઘણા સમય થી ઉઠવા પામેલ હતી જેને ધ્યાને લઇ શ્રી નિર્લીપ્તરાય પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્યનાઓની સુચના માર્ગ દર્શન હેઠળ ખાસ એક્શન પ્લાન બનાવી તાબાના તમામ અધિકારીશ્રીઓને ખાસ સુચના કરેલ તેના ભાગ રૂપે ચોક્કસ બાતમી આધારે એલ.સીબી,ના પો.સ.ઇ. શ્રી એ.વાય. બલોચ અને એલ.સી.બી ટીમના માણસોએ વાહન ચેકીગ દરમ્યાન એસ.પી. રીગ રોડ, બાકરોલ સર્કલ ખાતે વોચ ગોઠવી ભારે જહેમત થી બે ઇસમો ને ગુન્હો આચરવા ઉપયોગ કરતા

બોલેરો ગાડી નં. જી.જે. ૦૮ આર. ૧૪૮૫ તથા ચોરી કરેલ ડિઝલના કેરબા સાથે ઝડપી પાડેલ

**<u>રૂ. ૧,૬૫,૨૮૦/- ના મુદ્દમાલ સાથે રીઢા અને ખૂંખાર બે આરોપીઓ ઝડપાયા</u>**

(૧) અબ્દુલ રીઝવાન અબ્દુલ સફર શેખ રહે. બી- ૧૧૯ ન્યુ. ફેસલ નગર, બોમ્બે,હોટલની બાજુમાં નારોલ અમદાવાદ

(૨) જુબેરભાઇ અસરફભાઇ શેખ ઉ.વ. ૨૦ રહે. ૨- હીરા નગર ચાલી,બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ પાછળ, બોમ્બે હોટલ, નારોલ, અમદાવાદ

ઉક્ત આરોપીઓને બોલેરો નં જી.જે. ૮ આર.૧૪૮૫ કિ.રૂ. ૧,૫૦,૦૦૦/- તથા ડિઝલ ભરેલ કેરબા નંગ-૮ પ્રતેકમાં ૩૫ લી. લેખે કુલ ડીઝલ ૨૮૦ કિ.રૂ. ૧૪,૨૮૦/- તેમજ મો.ફોન- ૨ કિ.રૂ. ૧૦૦૦/- તેમજ ટાંકીમાંથી ડિઝલ ખેચવા માટેની પ્લાસ્ટિકની હોસ પાઇપ -૧ કી.રૂ. ૦૦/૦૦ મળી કુલ રૂ. ૧,૬૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપેલ તે સંબધે કોઇ સંતોષ કરાક જવાબ આપતા ન હોઇ તેઓની અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ કરતા પોતાના અન્ય સાગરીતો સાથે મળી ૫૦ કરતા વધુ ગુન્હા આચરેલાની કેફીયત આપેલ

**<u>બાવળા/ધોળકા લૂંટ સહિત ૫૦ કરતા વધુ ડિઝલ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલાયો</u>**

આરોપી ઓએ છેલ્લા ચારેક મહિના દરમ્યાન સહ આરોપીઓ સાથે મળી ધોળકા, અસલાલી, ચાંગોદર, સાંણદ, બાવળા, ઓઢવ, બાલાસિનોર, ડાકોર, નડિયાદ, ખેડા, કપડવંજ, ઇસનપુર અમદાવાદ, નારોલ ગામ, એક્સપ્રેસ હાઇવે રોડ, બારેજા, હિંમત નગર વિગેરે જગ્યાએ રાત્રીના સમયે ૫૦ કરતા વધુ વાહનો ની ટાંકી માંથી ડિઝલ ચોરી કરેલા ની કબૂલાત કરેલ જેમાં આશરે એકાદ મહિના પહેલા બાળવા સાંણદ જતા રોડ ઉપર મીલ આગળ પાર્ક કરેલ બે અલગ અલગ ટેઇલર ની ટાંકીમાંથી ચોરી કરતા દરમ્યાન ડ્રાઇવરો જાગી જતા ઝપાઝપી કરી આશરે ૨૯૦ લીટર ડીઝલ ની લૂંટ નો બનાવ તથા આશરે ત્રણેક માસ ઉપર ચોકીદારને છરી/ધોકા થી ડરાવી ધમકાવી ધોળકા કલીકંડ વાળા રોડ ઉપરના કમ્પાઉન્ડ માં પાર્ક કરેલ પાંચ આઇવા તથા એક નાની ગાડી માંથી ૯૦૦ લીટર જેટલુ ડીઝલ, રોકડ રકમ રૂ. ૩૬૦૦/- અને એક મોબાઇલ ફોનની લૂંટ ના બનાવનો સમાવેશ થાય છે.

**<u>આરોપીઓ ની ગુન્હો આચરવાની પધ્ધતિ</u>**

આરોપીઓ રાત્રીના સમયે બોલેરો નં જી.જે. ૮ આર.૧૪૮૫ લઇ નિકળતા અને પાર્ક કરેલ નિદ્રાધિન ભારવાહક વાહન ચાલકો ના વાહન ને ટાર્ગેટ બનાવી તેની ડિઝલ ટાંકીમાંથી પ્લાસ્ટીકના પાઇપ ધ્વારા ડિઝલની ચોરી

કરતા અને વાહન ચાલક જાગી જાયતો ભાગી જવા સારૂ મારઝૂડ પણ કરતા હતા

આમ સપ્તાહ દરમ્યાન અમદાવાદ ગ્રામ્ય જીલ્લા પોલીસ ધ્વારા પશુઓની તથા ડીઝલ ચોરીઓના ગુના આચરતી ગેંગના ઇસમોને પકડી પાડી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(નિર્લિપ્તરાય)
પોલીસ અધિક્ષક
અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ